# પ્રાચીન વડનગરઃ એક અભ્યાસ

ડૉ. રમેશ આર. પટેલ
અધ્યાપક, ઈતિહાસ વિભાગ
એમ.એમ.ચૌધર આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગર

ગુજરાતના ઈતિહાસમાં વડનગરનું સ્થાન અનેક રીતે વિશિષ્ટ છે. વડનગર એ જૂનાગઢ, વલ્લભીપુર, શ્રીમાલ, પાટણ કે અમદાવાદની જેમ રાજધાનીનું શહેર નહોતું.ખંભાત, ભરૂચ, કે સુરતની જેમ મોટું બંદર કે પરદેશો સાથેના બહોળા વેપારનું મથક નહોતું. દ્વારકા. પ્રભાસ પાટણ કે પાલીતાણાની જેમ કોઈ સુપ્રસિદ્ધ તીર્થધામ નહોતું. વિદ્યાવ્યંસંગી બ્રાહ્મણોના એક પ્રમુખ સ્થાન તરીકે ઈતિહાસમાં એ નગર એક સંસ્કારધામ તરીકે જ રહેલું છે. પુરાણકાળથી માંડી સં.૧૩૬૦માં અલાઉદ્દીન ખિલજીને હાથે કરણ વાઘેલાનો પરાજ્ય થતાં ગુજરાતમાં હિન્દુ રાજ્યનો અંત આવ્યો. ત્યાં સુધીના સેંકડો વર્ષો દરમ્યાન કયારેય પણ એવો સમય નહોતો જ્યારે વડનગર ગુજરાતના એક સંસ્કાર કેન્દ્ર તરીકેનું મહત્વ ભોગવતું ન હોય.

પ્રાચીન કાળમાં ઉત્તર ગુજરાતનો પ્રદેશ આનર્ત નામથી ઓળખાતો ત્યારે એ પ્રદેશના કેન્દ્રસમું વડનગર આનર્તપુર નામથી પ્રસિદ્ધ થયું એ શહેરના બીજા નામો પણ હતા જેમ કે પુરાણોમાં કહ્યું કે આ નગર સત્યયુગમાં વૃદ્ધનગર અથવા વડનગર નામથી ઓળખાયું. આ સર્વ પૈકી એક માત્ર 'વૃદ્ધનગર' સિવાય બીજા નામોને'વડનગર' રૂપની સાથે ઉત્પત્તિની દ્રષ્ટિએ કશો સંબંધ નથી. પરંતુ એ બધા નામો એક જ નગર માટે પ્રચલિત હોવાની પરંપરા ઘણા પ્રાચીન કાળથી ચાલતી આવેલી છે. વલભીના રાજાઓના તામ્રપત્રોમાંથી વડનગરના આનર્તપુર, આનંદનગર અને નગર એવાં નામો છે અને વડનગર અંદર જ અર્જુનબારી નામે દરવાજા ઉપરના કુમારપાળના શિલાલેખોમાં પણ આનંદપુર નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. એટલે એ બધ નામાભિધાનો એક જ નગર માટે હોવા સંબંધમાં કોઈ પ્રકારની શંકા રહેતી નથી. એક અતિ પ્રાચીન શહેર હોવાને કારણે તે વૃહનગર અથવા વડનગર અને પછી સંક્ષેપમાં નગર તરીકે ઓળખાયું.

વડનગર એક સમૃદ્ધ અગ્રહાર હતું. રાજા કુમારપાલે ઈ.સ. ૧૧૫૨માં બાંધેલા વડનગરના પ્રાકાર પ્રશસ્તિલેખમાં પ્રજ્ઞાચક્ષુ વણિક રાજકવિ શ્રીપાલે આ વાત અલંકારપ્રચુર વાણીમાં વર્ણવેલી છે. સોમેશ્વરે, 'શુરથોત્સવ' મહાકાવ્યના છેલ્લા આત્મકથનાત્મક સર્ગના આરંભમાં જ કહ્યું છે. 'જ્યાં પ્રશસ્ત આચરણોની પ્રધાનતા છે એવું નગર નામનું બ્રહ્મણોનું સ્થાન છે' – આ નગરના અને ત્યાંથી નીકળેલા બ્રાહ્મણો તે નાગરો. જેમણે ભારતીય જીવનનાં સર્વ ક્ષેત્રોમાં હંમેશા વિશિષ્ટ અર્પણ કર્યું છે. ઈ.સ.ની ૧૧મી સદીના પ્રારંભમાં ભોજના રાજ્યકાળમાં વાજસનેયી સંહિતા' અને 'પ્રાતિશખ્ય સૂત્રો' ઉપર ભાષ્યો રચનાર ઉવટ. સંહિતાઓમાંની પ્રાચીન ઈતિહાસની કથાઓ નીતિધર્મના ઉપદેશ અર્થે શ્લોકબદ્ધ કરીને વર્ણવતો ગ્રંથ 'નીતિમંજરી' (ઈ.સ.૧૦૫૪) રચનાર ધા દ્વિવેદ તથા ધર્મશાસ્ત્રના વિખ્યાત ગ્રંથ 'નિર્ણયદીપક'ના કર્તા અચલ દ્વિવેદી (ઈ.સ.૧૫મો સૈકો) વડનગરના હતા. 'ઉવટ અને ઘા દ્વિવૈદી અને વેદના જગપ્રસિદ્ધ ભાષ્યકાર સાયણાચા પ્રાચીન છે. અને સાયણાચાર્ય અને દ્વા દ્વિવૈદના ગ્રંથોમા જે સમા પડે છે તે ઘા હિવૈધની કીર્તિ ગણસો વર્ષોમાં કયાં સુધી પહોંચી હતી તેનો પુરાવો છે.''

વડનગરની સ્થાપના કયારે થઈ હશે એના કોઈ નિશ્ચિત પ્રમાણો મળતા નથી પણ વલભીના તામ્રપત્રોમાં આનંદપુર-વિનિર્ગત અથત્રિ વડનગરના મૂળ વતની વિદ્વાન બ્રાહ્મણોને રાજાઓએ ભૂમિદાન આપ્યાની નોંધ એટલે વડનગરની પ્રાચીનતા ઓછામાં ઓછું વલભીપુર રાજધાની બન્યું તે સમય જેટલી પાંચમાં સૈકા આસપાસની હોય એ સંભવિત નથી અને ઈતિહાસમાં એનું મહત્વ શાસ્ત્રનિષ્ણાંત બ્રાહ્મણોના એક નગર તરીકે જ મુખ્યત્વે છે એ જેનાં કોઈ પ્રાચીન રાજાએ બંધાવેલી એ બ્રહ્મપુરી હોય એ શક્ય જણાય છે. અને તે એટલે સુધી કે છેક સં.૧૨૦૮માં કુમારપાળે એનો કોટ બાંધ્યો ત્યાં સુધી એ વિદ્યાનગર સ્વાભાવિક રીતે જ કોટ વિનાનું આરક્ષિત હતું.

વલ્લભ રાજ્યકાળ દરમિયાનકગુવસેન નામે રાજાને તેના પુત્રના મરણથી થયેલો શોક સમાવવા ધનેશ્વરસૂરી નામે જૈન ગ્રંથોમાં મળે છે. આ ઉલ્લેખને જો વિશ્વાસપાત્ર ગણીએ તો વિક્રમના છઠ્ઠા સૈકાના પ્રારંભમાં વડનગર વલભીના રાજ્યાધિકારમાં હતું. ત્યાર પછી સાતમાં સૈકામાં હિદમાં આવેલો ચીની મુસાફર હ્યુ-એન-ત્સાંગ પોતાના પ્રવાસવર્ણનમાં આનંદપુર વિશે નોંધ કરેલી છે.

હ્યુ-એન-ત્સાંગના વર્ણન પ્રમાણે આનંદપુરમાં બૌદ્ધ તેમજ વૈદિક સંપ્રદાયનું પ્રાધાન્ય હતું. ધ્રુવસેન રાજા માટે કલ્પસૂત્રની વાચના થયાનો ઉલ્લેખ વજનદાર ગણીએ તો ત્યાં જૈનોની પણ ઠીક ઠીક વસ્તી હોવી જોઈએ. આમ ગુજરાતની આ બ્રહ્મપુરીમાં બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન વિદ્વતાનો ત્રિવેણી સંગમ થયો હતો.

વડનગરના આર્ય વતનીઓ અને આસપાસની નાગ જાતિના મૂળ વતની લોકો વચ્ચે વારંવાર થતા વિગ્રહોનું વર્ણના નાગરખંડમાં આવે છે અને એકવાર તો નાગોએ બ્રાહ્મણો ઉપરનું વેર વાળવા માટે ચમત્કારપુર બાળી નાખ્યું હતુ. અને છેવટે પ્રભાવદત્ત અથવા ભર્તુયજ્ઞ નામ. બ્રાહ્મણો આનર્ત દેશના પ્રભંજન નામે રાજાની સહાય લઈને નાગ લોકોને હંમેશને માટે દબાવીને હાંકી કાઢયા હતા એવી હકીકત પણ તેમાં છે.

ગુજરાતના નાગરોને પૈકી વડનગરા નાગરોનો સંબંધ વડનગર સાથે છે અને પુરાણોપ્રોક્ત હાટકેશ્વર મહાદેવ જેમનું સ્થાન વડનગરમાં છે તે નાગરોના ઈષ્ટદેવ છે. અણહિલવાડ પાટણના સોલંકી રાજાઓના પુરોહિતો વડને નાગરો હતા. પાટણના ભીમદવ રાજાના અને ધોળકાના વાઘેલા મંડલેશ્વર વીરધવલના પુરોહિતો તથા મંત્રી વસ્તુપાલના ઈષ્ટમિત્ર સોમેશ્વરે 'સુરથોત્સવ' નામના પોતાના સંસ્કૃત મહાકાવ્યમાં મૂળરાજના રાજપુરોહિત સોલશમાંથી માંડી પોતાના દશ પૂર્વજ પુરોહિતોનો ઈતિહાસ આપ્યો છે. તેમાં આપેલા વડનગરના વર્ણન ઉપરથી એ શહેરની જાહોજલાલીનો કંઈક ખ્યાલ આવે છે.

કુમારપાલે વડનગરનો કિલ્લો બંધાવ્યો એ પ્રસંગના સ્મારકરૂપે સિદ્ધરાજ અને કુમારપાલના પ્રજ્ઞાચક્ષુ વણિક રાજકવિ શ્રીપાલે રચેલા પ્રશસ્તિલેખમાં વડનગરનું કાવ્યમય વર્ણન કરતા કહ્યું છે. "હિમાચલ અને વિંધ્યાચલ જેના સ્તન છે એવી તથા રત્નાકર સમુદ્રરૂપ મેખવાળી પૃથ્વી જે રાજા વડે ભોગવાય છે તે રાજા બ્રાહ્મણોના નિવાસસ્થાન અને શ્રેષ્ઠ વર્ણોના ઉદયરૂપ આ નગર નામના મહાસ્થાનને ધારણ કરે છે. બ્રહ્મથી માંડીને અને ઋષિઓએ પ્રવતવિલા મહાયજ્ઞોના યજ્ઞસ્તંભોનો આધાર પામેલા ધર્મ અહીં ચારે યુગોમાં આનંદપૂર્વક સ્ફુરાયમાણ થાય છે તેથી વિદ્વવાનોએ આ નગરને આનંદપુર એવું બીજું નામ આપેલું છે. બ્રાહ્મણોના અસ્ખલિત વેદઘોષથી બહરો થયેલો, નિરંતર તથા હોમના ધુમાડાથી આંધળો થયેલો અને અનેક દેવમંદિરોની ધજાઓના આધાતોથી લૂલો થયેલો કલિ ત્યાં પોતાના કાળમાં પણ ઉત્સાહ પામીને આવી શકતો નથી. બ્રાહ્મણ કન્યાઓએ ધારણ કરેલો રત્નાલંકારોથી પ્રકાશમાન, સતત ચાલતા ગીત અને મંગલ ધ્વનિઓથી ધારણ કરેલા વાચાળ અને નિત્ય ચાલતા ઉત્સવોથી વૈભવનો ઉત્કર્ષ પ્રાપ્ત કરતા એ નગરના માર્ગો રાજકર્તાની સુરાજયસંપત્તિના ગુણોનો ઉદ્વોષ કરે છે.

આ વિદ્યાસ્થાન વડનગરમાં અનેક સુપ્રસિદ્ધ પુરુષો થઈ ગયા છે. જેમના નામ ગુજરાતના સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસમાં અવશ્ય નોંધવા પડે એમ છે. જગપ્રસિદ્ધ વૈદભાષ્યકાર સાયણથી કેટલાક સૈકા પૂર્વે યજુર્વેદની વાજસનેયી સંહિતા ઉપર ભાષ્ય લખનાર ઉવટ, ચૌલુક્ય રાજપુરોહિત સૌમેશ્વરદેવના વેદશાસ્ત્ર નિષ્ણાત પૂર્વજો, વાઘેલા રાજા વીસલદેવનો રાજકવિ અને પ્રભાસ પાટણમાં સરસ્વતીસદન બંધાવનાર નાનાક, નીતિમંજરી' નામે નીતિશાસ્ત્ર વિષયક ગ્રંથનો કર્તા દાદ્વિવૈધ, વેદવેદાંત અને કર્મકાંડના અભ્યાસી અચલ ત્રિવેદી, દાનેશ્વરી સ્થાનસ્વર તથા તેના વંશજ વિદ્વાનો લક્ષ્મીધર અને અનંતાચાર્ય, બાલા બહુચરાના અનેક સ્ત્રોતો, પાદો અને ગરબાઓ રચનાર યદુરામ મહારાજ અને સીતાજીની કાંચળી વગેરે પ્રસિદ્ધ ગુજરાતી કાવ્યોની કવિયત્રી કૃષ્ણાબાઈએ સાંસ્કૃતિક ક્ષેત્રમાં વડનગરના અર્પણો છે. વળી લોકકથા કહે છે કે સંગીતાચાર્ય તાનસેનને દીપકરાગનો આલાપ કરવાથી થયેલા દાહનું શમન રીરી અને તાના નામની વડનગરની નિષ્ણાત સ્ત્રીઓએ મલ્હાર રાગ સંભળાવીને કર્યું હતું. રાજકીય ક્ષેત્રે નાગલોકો સામેના વિગ્રહમાં વડનગરના બ્રાહ્મણોની આગેવાની લેનાર પૌરાણિક ઋષિ મંક્રણ અને પ્રભાવદત્ત તથા ચૌલુક્ય રાજ્યકર્તાઓના અનેક સુપ્રસિદ્ધ મંત્રીઓ આ નગરના હતા.

મેવાડના ગૃહિલોત વંશના આદ્યપુરુષ બપ્પ અથવા બાપા રાવલ આનંદપુરના નાગર બ્રાહ્મણ ગૃહદત્તના વંશજ હતા. એવી પણ એક માન્યતા છે. પરંતુવિધિની વિચિત્રતા એવી છે કે હિન્દભરમાં નાગરોના સૌથી મહત્વના સ્થાન વડનગરમાં આજે નાગર બ્રાહ્મણોના થોડા જ ઘર બાકી રાખ્યા છે.

ગુજરાતના હિંદુ સ્વતંત્ર રાજ્યનો નાશ કર્યા પછી બ્રાહ્મણોની વસાહત જેવા વડનગરની આબાદીના વળતા પાણી થયા. તો પણ એની પ્રાચીન જાહોજલાલી ઓછાવત્તા પ્રમાણમાં જળવાઈ રહી હતી. ઈ.સ.૧૫૯૭ના અરસામાં આઈ.ને.અકબરીના રચનાકાર અબુલ ફઝલ લખે છે. કે વડનગર એક મોટું પ્રાચીન શહેર છે. તેમાં સેંકડો દેવાલયો છે. અને દરેક દેવાલયની સામે એક કુંડ છે. શહેરમાં મુખ્યત્વે બ્રાહ્મણોની વસ્તી છે. “આ વર્ણન બતાવે છે કે ૧૬માં સૈકામાં પણ વડનગર એ મંદિરોનું નગર હતું.

વડનગરના હાલના પ્રાચીન અવશેષોમાં ચાર વસ્તુઓ સૌથી નોંધપાત્ર છે. હાટકેશ્વરનું મંદિર, શર્મિષ્ઠા તળાવ, બે કીર્તિસ્તભો અને નગરકોટની પ્રશસ્તિરૂપ અર્જુનબારિનો સં.૧૨૦૮નો શિલાલેખ હાટકેશ્વરનું મંદિર વડનગરના કિલ્લાની બહાર નદીઓળ દરવાજા પાસે આવેલું છે. ‘સ્કંદપુરાણ’ના નાગરખંડમાં જણાવ્યા પ્રમાણે ચમત્કારપુરમાં વત્સગોત્રનો ચિત્રમાં શર્મા નામે બ્રાહ્મણ રહેતો હતો. તેણે શંકરનું ઉગ્ર તપ કરીને વરદાન આપ્યું અને હાટકેશ્વરનું ભવ્ય મંદિર બંધાવી ત્યાં સોનાના લિંગની સ્થાપના કરી પરંતુ આ તો એક પૌરાણિક આખ્યાયિકા થઈ. આ મંદિર ખરેખર કોણે અને કયારે બંધાવ્યું એ માટેના કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતા નથી હાલનું મંદિર તેના શિલ્પાદિ ઉપરથી પાંચસોક વર્ષ કરતાં પ્રાચીન લાગતું નથી. પરંતુ એની બાંધણી ભવ્ય છે. મંદિરને ફરતી ગ્રાસપટ્ટી ઉપર આવેલી વેદીમાં વિષ્ણુના દસ અવતારો તથા અનેક પૌરાણિક કથાઓના સુંદર શિલ્પો કોતરેલાં છે. એમાંની આકૃતિઓમાંથી પ્રાચીન શિલ્પકલાના અભ્યાસીને અનેક વસ્તુઓ જોવા-જાણવાની મળે તેમ છે.

વડનગરનું શર્મિષ્ઠા અથવા સમેળા તળાવ એ ગુજરાતના સૌથી મોટા અને સુપ્રસિદ્ધ સરોવરો પૈકી એક છે. હાલમાં પૂરતી સંભાળને અભાવે તે કેટલીક બાજુએથી પડી ગયેલું છે પરંતુ મૂળે એ સમચોરસ આકારનું અને ચારે બાજુએ પથ્થરબંધ ઓવારા અને પગથિયાવાળું છે.

નાગરખંડ અનુસાર સૌમવંશના વૃક રાજાની પુત્રીએ નેષ્ટ ગ્રહોની અસરમાંથી મુક્ત થવા માટે આ તળાવ પાસે શર્મિષ્ઠા તીર્થ પ્રાયશ્ચિત કર્યું હતું. એટલે નાગરખંડની રચના પહેલાં તો આ તળાવ હતું. એ નક્કી થાય છે. ગુજરાતી સ્ત્રીઓમાં પ્રચલિત એક લોકગીજતમાં ત્રણસો સાઠ પગથિયાવાળું સમેળા સિદ્ધરાજે ખોદાવ્યાનું કહ્યું છે. અબુલ ફઝલે આ તળાવનો ઉલ્લેખ કર્યો છે. આ તળાવમાં પાણી આવે એ માટે આત્મભોગ આપનાર સતી સ્ત્રીનો.

બાર બાર વરસે સમેળા ખોદાવ્યા,

સમેળાનાં નીર ન આવ્યાં જી રે.

એ પંકિતથી શરૂ થતો રાસડો ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ખૂબ જાણીતો છે.

કીર્તિસ્તંભો એ વડનગરના ચિરંજીવ અવશેષો છે. ગુજરાતમાં કીર્તિસ્તંભો મંદિર કેજળાશયની આગળ એ સરોવરના સ્મારકરૂપે સિદ્ધરાજે એક ભવ્ય કીર્તિસ્થંભ ઊભો કર્યો હતો. એના વર્ણનો તથા શ્રીપાલ કવિએ રચેલી એની પ્રશસ્તિના અવતરણો પ્રાચીન ગ્રંથોમાં આવે છે. કપડવંજ, પિલુદ્રા અને સિદ્ધપુરમાં એવા કીર્તિસ્તંભો છે. તથા મોઢેરામાં અને ગુજરાતની મલ્લવિદ્યાવિશારદ જ્યેષ્ઠીમલ્લ જ્ઞાતિના મૂલસ્થાન દેવમાલમાં કીર્તિસ્તંભોના અવશેષો છે. વડનગરના બંને કીર્તિસ્તંભો જે સામાન્ય રીતે સ્થાનિક વતનીઓમાં ચોરી નામથી ઓળખાય છે તેની ઉપર મહાદેવની ઊભી તથા બેઠી મૂર્તિઓ કોતરેલી હોવાથી એ કોઈ ભવ્ય શિવમંદિરની પાસે ઊભા કરવામાં આવ્યા હશે એમ જણાય છે. આ સ્તંભોની કલા મોઢેરાના સૂર્યમંદિર અને સિદ્ધપુરના રુદ્રામહાલયને ખૂબ મળતી આવે છે. એથી એ સોલંકી યુગમાં બન્યા હોય એ શક્ય છે. કુમારપાલના જૂનાગઢના લેખમાં તેણે આનંદપુરમાં શિવાલય બંધાવ્યાનો ઉલ્લેખ છે. એટલે ગુજરાતના શિલ્પકળાના સર્વોત્તમ નમૂનાઓમાં જેમની ગણતરી થઈ શકે એવા આ કીર્તિસ્તંભો કુમારપાલના એ નષ્ટ શિવમંદિરની સામે ઊભા કરવામાં આવ્યા હોય એ સંભવિત છે.

આપણે અગાઉ જોયું તેમ વડનગરનો કિલ્લો કુમારપાલે બંધાવ્યો હતો. આ કિલ્લો કેટલેક ઠેકાણેથી પડી ગયો છે અને કોઈ કોઈ સ્થળે તો કોટનો કાંગરા અને જમીનની સપાટી લગભગ એક સરખી છે. અનેક જૂના શહેરો આવી રીતે ઊંચા ટીંબા ઉપર આવેલાં છે. જૂના મકાનો પડતા ગયા અને તેને સ્થાને નવા બનતા ગયા, તેથી જમીનનું ચઢાણ ખૂબ ઊંચુ બન્યુ છે.

**સંદર્ભગ્રંથ**

૧. આચાર્ય નવીનચંદ્ર આ. (૧૯૮૮). પ્રાચીન અવશેષોમાં ગુજરાત. અમદાવાદ

૨. જમીનદાર રસેશ (૧૯૭૫). ક્ષત્રપકાલીન ગુજરાત, અમદાવાદ,

૩. જોટે રત્નમણિરાવ ભી. (૧૯૨૯). ગુજરાતનું પાટનગર અમદાવાદ, ૧૯૨૯ ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ-ઈસ્લામ યુગ, ખંડ-૪, અમદાવાદ ૧૯૪૫ ખંભાતનો ઈતિહાસ, અમદાવાદ.

૪. જોશી ઉમાશંકર (૧૯૪૬). પુરાણોમાં ગુજરાત, અમદાવાદ.

૫. નાયક છોટુભાઈ ર. મધ્યયુગીન ભારત, ખંડ-૨, અમદાવાદ